# લાયન્સ પરિવાર દ્વારા બહેરા મુંગા શાળામાં નવરાત્રી ઉજવાઈ

મોડાસા, તા.૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં લાયન્સ અને લાયોનેસ લીઓ દ્વારા વિવિધ અલગ અલગ સામાજીક અને સાંસ્કૃતિક પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવે છે. આવા જ એક હાલ જીવંત અને ખુબ જ લોકપ્રિય તહેવાર રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેરા મુંગા વિદ્યાર્થીઓ નવરાત્રી મહોત્સવનો લાભ લઈ શકે એટલા માટે દર વર્ષે લાયોનેસ કલબ દ્વારા રાસ ગરબાનું આયોજન થાય છે. તેમજ હરિફાઈ સ્પર્ધા પણ યોજવામાં આવે છે. બહેરા મુંગા વિદ્યાર્થીઓ જે કશું જ સાંભળી શકતા ન હોવા છતાં સંગીતના તાલે ગરબા રમવા માટે ખુબ જ ઉત્સાહીત થઈને રાસ ગરબામાં એમની મસ્તીમાં ગરબા રમવા જોવા મળતા હતા. લાયન્સ પ્રમુખ પરિવારના તેમજ લાયોનેસ લીઓ પરિવારના સૌ સભ્યો હાજર રહ્યા હતા. લાયન્સ પ્રમુખ પ્રવિણ પરમારના જણાવ્યા મુજબ આવા વિદ્યાર્થીઓ મોડાસા શહેરમાં રહેતા હોવા છતાં નવરાત્રી માણી શકતા નથી ત્યારે આવા બાળકો માટે દર વર્ષે નવરાત્રી દરમિયાન રાસ ગરબાનું આયોજન દ્વારા સમાજ સાથે સાંકળવામાં મહત્વનો ભાગ ભજવે છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

એવો નવરાત્રી મહોત્સવ ચાલી રહ્યો છે. તેના અનુસંધાને મોડાસા શહેરમાં બસ સ્ટેન્ડ એરીયાની પાછળ આવેલી બહેરા મુંગા શાળામાં બાળકો માટે



બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા સતત ૨૫ મા વર્ષે ફરતા ગરબા સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ૧૦૦ થી વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અલગ-અલગ વય જૂથ પ્રમાણે યોજાયેલ સ્પર્ધામાં શ્રેષ્ઠ વય જૂથ પ્રમાણે યોજાયેલ સ્પર્ધામાં શ્રેષ્ઠ ખેલૈયા બહેનોને ઈનામ આપવામાં આવ્યા હતા. સ્પર્ધામાં પ્રતિભાબેન દવે, જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય, અંજના ગોર, જયશ્રી ખેતિયા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહી સંચાલન કર્યુ હતું.

# સૂરજના કિરણોની સાથે ડી.એસ.પી. કચેરીમાં સફાઈ અભિયાન હાથ ધરાયું

## અભિયાનમાં આદીવાડાના બાળકો પણ જોડાયા

ગાંધીનગર, તા. ૨૯

સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરીમાં આજે વહેલી સવારથી જ કમ્પાઉન્ડમાં સ્વચ્છતા કરવામાં આવી હતી. અભિયાનમાં આદીવાડા ગામના બાળકો પણ જોડાયા હતા. બાળકોને પોલીસવડા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ભારત સરકારે દેશને સ્વચ્છ બનાવવા અભિયાન હાથ ધર્યુ છે અને શરૂઆત સરકારી કચેરીઓથી કરવામાં આવી રહી છે. આજે સૂરજના કિરણોની સાથે જિલ્લા પોલીસવડાની કચેરી સહિત સમગ્ર કમ્પાઉન્ડમાં સફાઈ કરવામાં આવી હતી. કચેરીમાં કબાટ, તીજોરી અને કમ્પાઉન્ડમાં ઉગી નિકળેલ ઘાસને પોલીસ જવાનોએ પાવડા પકડી દૂર કર્યું હતુ. બે કલાક સુધી આ કામ યજ્ઞ ચાલ્યું હતું. જેમાં જિલ્લા પોલીસવડા, રેન્જ આઈ.જી., પોલીસ અધિકારીઓ અને પોલીસના જવાનો શ્રમયજ્ઞમાં જોડાયા હતા. ત્યારે ડી.એસ.પી. કચેરીની બાજુમાં આવેલ આદીવાડા ગામના બાળકોએ પણ સફાઈ અભિયાનમાં હાથ બટાવ્યો હતો. અને ઠેર ઠેર ઉગી નિકળેલ ઘાસ, કચરાના ઢગલા અને ઓફિસ સફાઈમાં જોડાયા હતા. જિલ્લા પોલીસ વડાએ તમામ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા દેશને ચોખ્ખોચણાક કરવાનું અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે અને ભારતના વડાપ્રધાને પણ દેશમાંથી ગંદકી દૂર કરવા માટે પ્રણ લીધો છે. ત્યારે સ્વચ્છતા અભિયાનમાં શહેરની વિવિધ સરકારી કચેરીઓમાં સફાઈ કરવામાં આવી રહી છે. ઠેર ઠેર સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.



ગાંધીનગરમાં દબાણની સમસ્યા સૌથી મોટી છે. ગમે ત્યાં ગમે ત્યારે દબાણો ઉભા થઈ જાય છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. જેને કારણે ઘણા બધા પ્રશ્નો ઉદ્ભવે છે. પરંતુ ક્યારેક સારા અધિકારીઓના હસ્તક્ષેપને કારણે દબાણો હટાવાય પણ છે. પરંતુ થોડા દિવસો બાદ પરિસ્થિતિ જૈસે છે તેવી જ. સેક્ટર-૬-બી માં વર્ષો અનિધિકૃત રીતે સ્થાપીત દબાણોને હટાવાયા હતા. તંત્ર આવા દબાણ થાય ત્યારે જ અટકાવવાની કાર્યવાહી કરતી હોય તો આવી સમસ્યાઓ જ ન થાય અને વળી અધુરામાં પુરૂ ક્યા વિભાગની જવાબદારી છે તે નક્કી કરવામાં જ સમય વીતી જાય છે. અને અધિકારીઓને છટકવાનું બહાનુ મળે છે. (તસવીર : કશ્યપ નીમાવત)

# ખેડબ્રહ્મામાં રખડતા આખલાએ બે ને ઘાયલ કર્યા

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા શહેરમાં જાહેર માર્ગો પર રખડતા પશુઓથી નગરજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે છેલ્લા ચાર-પાંચ દિવસથી ભુરાટા થયેલા આખલાએ એક બાળક અને એક મહીલાને ઘાયલ કરતાં સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. પાલિકા દ્વારા રખડતાં પશુઓને પકડવામાં દાખવવામાં આવતી ઉદાસીનતાથી લોકોમાં આક્રોશ ફેલાયો છે.

ખેડબ્રહ્માના ગામ વિસ્તારમાં છેલ્લા ચાર પાંચ દિવસથી એક આખલો ભૂરાટો થયો છે. રસ્તે પસાર થતા કે રસ્તામાં ઉભેલા લોકોની પાછળ પડે છે અને લોકો જીવ બચાવવા ભાગતા જોવા મળે છે. રવિવારે આ આખલાએ પટેલ કોદરીબેન કેશવલાલ તથા પટેલ તિર્થ કનુભાઈની પાછળ પડી ઘાયલ કર્યા હતા. જેથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રમેશભાઈ વસ્તાભાઈ પટેલના જણાવ્યા અનુસાર ઓગસ્ટ માસમાં રખડતા ઢોરે રામભાઈ લલ્લુભાઈ સુથારને ગંભીર



રીતે ઘાયલ કર્યા હતા. અને પાલિકાએ શ્રાવણ માસ પછી રખડતાં ઢોરને પકડવાની ઝુંબેશ ચલાવવામાં આવશે તેવું લોકોને આશ્વાસન આપ્યું હતું. શ્રાવણ માસ ઉતર્યા પછી પાલિકાએ ત્રણ-ચાર ગાયો પકડી સંતોષ માન્યો છે. પરિણામે રખડતા આખલાના આતંકનો બે વ્યક્તિઓ ભોગ બન્યા છે. રખડતા ઢોરનો ત્રાસ શહેરમાં યથાવત રહેતા લોકોમાં આક્રોશ ફેલાયો છે. સોમવારે સવારે પાલિકાની રખડતા પશુઓને પકડતી ટીમે ભુરાંટા થયેલા આખલાને પાંજરે પુરતા લોકોએ રાહતનો દમ લીધો હતો.

## નવરાત્રીમાં 'સાવચેતીના પગલા' પર સમિનાર યોજાયો

માં આદ્યશકિતની આરાધના એટલે કે નવરાત્રી પર્વની ઉજવણી ધામધૂમપૂર્વક ચાલી રહી છે. ખેલૈયાઓ મોડી રાત સુધી ગરબે ઘુમી રહ્યા છે. વનશ્રી ટ્રસ્ટ દ્વારા નવરાત્રી દરમિયાન સાવચેતીના પગલા માટે સેમિનાર યોજવામાં આવ્યો હતો. નિરમા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. નવરાત્રીના નવ દિવસની યુવાનો રંગે ચંગે ઉજવણી કરતા હોય છે. આ દિવસોમાં યુવાનોને ફકત ગરબાનું મેદાન જ દેખાતું હોય છે. વનશ્રી ટ્રસ્ટ દ્વારા નિરમા યુનિવર્સિટીના ડિપ્લોમા ઈ.સી.માં અભ્યાસ કરતા ૧૦થીવધુ વિદ્યાર્થીઓને સાવચેતીના પગલા માટેનો માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. સુરક્ષા સેતુ અંતર્ગત પી.આઈ. પ્રવિણચંદ્ર વાલેરાએ સેલ્ફ ડીફેન્સની વિવિધ માહિતી આપી હતી. મહાવીર નિમાવતે બચાવ માટેની વિવિધ ટેકનીકો બતાવી હતી. આ સેમિનારમાં અંજના નિમાવત, વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો ઉપસ્થિત રહ્યા હતા.

# જાહેર જીવનમાં પડેલી વ્યકિતઓએ બીન ઉત્પાદકીય ખર્ચ કરવો ન જોઈએ : વિપક્ષી નેતા શંકરસિંહ

ગાંધીનગર, તા.૨૯

જાહેર જીવનમાં પડેલ વ્યકિતઓએ સાચા અર્થમાં સાદાઈ કે કરકસરનો ઉમેરો સ્વભાવમાં કરવો જોઈએ પરંતુ આજની દિલ્હીની ભાજપ સરકારમાં આવું કાંઈ દેખાતું નથી એમ વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

અમેરિકાના પ્રવાસે ગયેલા વડાપ્રધાનના પ્રવાસ અંગે આખરી પ્રતિક્રિયા આપતાં વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ એવો આક્ષેપ કર્યો હતો કે જો માર્કેટીંગ કરીને જ બધું કરવાનું હોય તો અમિતાભ બચ્ચન અમેરિકા જાય છે તો પણ લાખો લોકો કાર્યક્રમમાં આવે જ છે. મીડીયાની જાહેરાતોથી ફાયદો થાય કે ન થાય લોકો જાહેરાત જોઈને વસ્તુઓ ખરીદતા હોય છે તેમ આ પણ એક જાતનું માર્કેટીંગ હતું.

તેમણે જણાવ્યું હતુ કે જાહેર જીવનમાં પડેલા વ્યકિતઓએ સસ્તી પ્રસિધ્ધી માટે આવો બિન ઉત્પાદક ખર્ચ ન કરવો જોઈએ. અગાઉ ભૂતકાળમાં આઝાદી બાદ અનેક વખત ભારત દેશના વડાપ્રધાનો અમેરિકા ના પ્રવાસે ગયેલા હતા તેઓનું પણ લાંબી લાલ જાજમ પાથરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. અત્યારના વડાપ્રધાનનું તો ફકત ટૂંકી લાલ જાજમ પાથરીને જ સ્વાગત કરવામાં આવ્યું છે. આ બધી એક રૂટિન પ્રક્રિયા જ છે.

તેમણે જણાવ્યું હતું કે અગાઉના વડાપ્રધાનોએ પણ યુ.એન.માં ભાષણ કર્યા હતા તેઓએ અંગ્રેજીમાં ભાષણ કર્યું કે હિન્દીમાં તે અગત્યનું નથી ભાષા તો કોઈ પણ હોઈ શકે છે. જાહેર જીવનમાં પડેલ વ્યકિતઓએ સાચા અર્થમાં સાદાઈ કે કરકસરનો ઉમેરો સ્વભાવમાં કરવો જોઈએ આજની દિલ્હીની ભાજપ સરકારમાં આવું કાંઈ દેખાતું નથી.

તેમણે જણાવ્યું હતું કે ૨જી ઓકટોબર એ ગાંધીજીની જન્મજયંતિ છે. સરકાર સફાઈ કામદારોનું શોષણ કરે છે તેના વિરોધમાં કોંગ્રેસ પક્ષે કાર્યક્રમ આપ્યો છે. અને તે કાર્યક્રમ સવારના સમયથી બપોરના સમય સુધીનો છે. એટલે સ્વાભાવિક રીતે બપોરનું ભોજન જયાં કાર્યક્રમ હોય ત્યાં કરવાનું હોય ફકત જમવા પૂરતો જ આ કાર્યક્રમ નથી.

## ભાજપનો કબ્જો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેળવ્યું હતું. આ પછી પ્રથમ વખત સમિતિઓની બેઠકોના આંરંભાયેલ દોરમાં આજે ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિનું ચેરમેન પદ ભાજપને મળ્યું છે.

૧૭ વર્ષ બાદ પંચાયતમાં પાછલા બારણેથી ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા છે. હવે તેની પક્કડ વધુ મજબુત બનાવવા માટે ભાજપે હાલ કોંગ્રેસ હસ્તકની બે સમિતિઓ મહિલા કલ્યાણ અને બાળ વિકાસ સમિતિ તેમજ ખેતીવાડી ઉત્પાદન અને સહકાર સમિતિના ચેરમેનો સામે અવિશ્વાસનો પ્રસ્તાવ દાખલ કર્યો છે.

આમ દિપાવલી પહેલાં ભાજપ પંચાયતમાં પોતાની પક્કડ વધુ મજબુત બનાવવાની વ્યૂહરચનામાં આગળ વધી રહેલ છે. મળતી વિગતો પ્રમાણે બીજી સમિતિઓમાં પણ સત્તા હસ્તગત કરવા માટેની અલાયદી વ્યુહરચના તૈયાર કરવામાં આવી રહી છે. ગત સામાન્ય સભામાં જ આ બે સમિતિઓના ચેરમેનોની સત્તા પાછી ખેંચવામાં આવી હોવાનો પ્રસ્તાવ બહુમતિથી પસાર કરવામાં આવ્યો હતો.

કોંગ્રેસે પક્ષે પણ પક્ષ છોડી જનારાઓને મનાવવાના હાથ ધરાયેલા પ્રયાસોને લઈ ભાજપે આજે વળતો હુમલો કરી અને સમિતિઓ હસ્તગત કરવાની વ્યુહરચના અપનાવી છે. આગામી દિવસોમાં પંચાયતનું રાજકારણ વધુ ગરમાશે તેમ મનાઈ રહ્યું છે. મળતી વિગતો પ્રમાણે પંચાયત એકટની જોગવાઈઓને આધીન રહી જ ભાજપ તેની વ્યુહરચના તૈયાર કરી રહેલ છે. આગામી દિવસોમાં બીજી સમિતિઓ વિશે પણ વિચારણા કરવામાં આવશે.

જો કે, ભાજપની મુખ્ય નજર કારોબારી સમિતિ પર રહેશે અને તેની મુદત પણ પૂર્ણ થવામાં હજુ બે થી ત્રણ માસ જેટલો સમય બાકી રહ્યો હોવાનું જાણવા મળેલ છે. જો કે નવી સમિતિની રચનાઓ હવે પછીની સામાન્ય સભાના એજન્ડામાં આવી શકે કે કેમ ? તેને લઈ ચર્ચાઓ ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

## વિશેષ કેમ્પનું...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાવિકોની ભીડ જામતા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પણ સલામતી સહીતના તમામ પાસાઓ ચકાસી વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે. જ્યારે રૂપાલ જતા ભાવિકોને પુરતી વાહન સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે પણ એસ.ટી. તંત્ર દ્વારા દર વર્ષની જેમ આ વખતે પણ જરૂરી આયોજન કરી દેવાયું છે. એસ.ટી. ડેપોના મેનેજર યોગેશ પટેલના જણાવ્યા મુજબ રૂપાલના પલ્લી મેળાને લઈ ગામમાં એસ.ટી. તંત્ર દ્વારા વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવશે. જ્યાંથી ટ્રાફિકના પ્રમાણમાં બસો દોડાવાશે. આ ઉપરાંત ડેપો સંકુલમાં પણ પલ્લીમેળાને અનુલક્ષી અલાયદી વ્યવસ્થા ગોઠવાશે. જેના આધારે ભાવિકોને રૂપાલ જવા માટે બસ સેવા અંગેની માહિતી પણ પુરી પાડવામાં આવશે. આગામી તા. ૩ ઓક્ટોબરે બપોરથી જ પલ્લી મેળાને અનુલક્ષી બસસેવા ઉપલબ્ધ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસ દરમિયાન ગાંધીનગર-રૂપાલ રૂટમાં એસ.ટી. ની ૧૦ બસો દોડાવવામાં આવશે.



માનવસેવા એ જ સમાજ સેવા સુત્રને નિધિ પટેલે રૂ. ૫૧ હજારનું દાન કરી સાબિત કર્યું છે. નિધિએ પોતાના ૧૯માં જન્મદિવસે દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશનના માનવ સેવા મંદિરની ત્રીજી વિંગ સેનેટોરિયમના નિર્માણ માટે રૂ. ૫૧ હજારનું દાન કરી જન્મદિવસ મનાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે નિધિના ભાઈ દ્વારા પણ અગાઉ જન્મદિવસે રૂ. ૨૫ હજારનું દાન કરાયું હતું.

## શબ્દાવલી - ૫૫૧૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | | | |
| | ■ | ૭ | | | | ■ | |
| ૮ | ૯ | | ■ | | | ૧૦ | |
| ■ | | ■ | ૧૧ | | ૧૨ | | ■ |
| ૧૩ | | ■ | | ■ | ૧૪ | | ૧૫ |
| ૧૬ | | ૧૭ | ■ | ૧૮ | ■ | ૧૯ | |
| | ■ | ૨૦ | | | | ■ | |

### આડી ચાવી

૧. ખાતુ... કરવું (૪)
૩. મરે નહિ તેવું (૩)
૬. સંપાદન કરનાર વ્યક્તિ(૪)
૭. મા-બાપ, ... કમાવતર ન થાય (૪)
૮. ધીરજ, સહનશક્તિ (૩)
૧૦. મોકો, લાગ (૨)
૧૧. વાતચીત, ચર્ચ, વિચાર(૪)
૧૩. મદારી, ગારૂડી (૨)
૧૪. છાવણી બનાવી રહેવું, ... નાખવો (૩)
૧૬. દુનિયા (૩)
૧૯. સોનાની ગુણવત્તા, સોનું... સોનું (૨)
૨૦. ધાકધમકી (૪)

### ઊભી ચાવી

૧. માણસ-જાનવર વગેરે નાખેલ બતાવતો સમુહ (૪)
૨. પુષ્કળ પ્રમાણમાં (૪)
૩. ખુબ, વધારે (૩)
૪. અભિમાન (૨)
૫. હુંસાતુંસી (૪)
૬. ખાનગી મસલત (૪)
૯. ડરપોક (૪)
૧૦. તતડવાનો અવાજ (૪)
૧૧. શહદ, મધમાખી-ભેગુ કરે (૨)
૧૨. સવા નવને પાંચ એટલે... (૨)
૧૩. ભગવાન વિષ્ણુનો અવતાર (૩)
૧૫. લોક, વાયદો (૩)
૧૭. લંબાઇ (૨)
૧૮. હનુમાનજીનું હથિયાર (૨)

### શબ્દાવલી ૫૫૧૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચકચાર (૪) આવાસ (૬) રસ (૭) શીયાવીયા (૮) મરસીયા (૧૧) ઓરમાન (૧૩) માતમ (૧૫) સૂકી (૧૬) તાકા (૧૮) વીરતા (૨૧) તજવીજ (૨૨) પરાયુ

**ઊભી ચાવી :-** (૧) ચરમસીમા (૨) કસર (૩) રશીયા (૪) આવીષ્કાર (૫) વાયા (૯) સીતમ (૧૦) ચાનકી (૧૧) ઓડકાર (૧૨) માસુમ (૧૪) તક (૧૬) તાવીજ (૧૭) માત (૧૯) તાપ (૨૦) વાયુ

## અનેરો આનંદ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલ્ચરલ નવરાત્રી, લાયન્સ નવરાત્રી વગેરે જગ્યાએ ઉભા રહેતા ખાણી પીણી વાળાને તડકો પડી ગયો છે. જો કે સમયની મજબુરીનો લાભ લેતા હોય તેમ ખાણી પીણીના ભાવ દોઢા કરી દીધા હોવાની બુમરાણ પણ ઉભી થાય છે. છતાં પણ નવરાત્રીના ગરબે ઘુમવાનું અને નાસ્તા પાણી કરી આનંદ મેળવવો તે આ પર્વનું લક્ષ્ય બન્યું છે.

નગરનો રાત્રી નજારો અદભૂત રીતે શોભી રહ્યો છે નગરજનોની ગરબે ઘુમવાની ધુન તો બીજી તરફ ખાણી પીણી સ્ટોલ્સ ઉપર નાસ્તાની લાઈનો તથા માર્ગો ઉપર વાહનોની અવરજવર એ નવરાત્રીમાં સૂર્યોદયના અલભ્ય દર્શનનો લ્હાવો પુરો પાડી રહ્યું છે.

## વાદળિયુ વાતાવરણ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

શિયાળાનો ધીમે ધીમે આરંભ થઈ રહ્યો છે. શિયાળાના આગમને ફુલગુલાબી ઠંડીનો વહેલી સવારે અનુભવ કરી રહ્યા છે ત્યારે બપોર થતા જ તાપમાનનો પારો ઉપર વધતા શહેરીજનો આકારા તાપનો અનુભવ કરી રહ્યા છે. આજે સતત ત્રીજા દિવસે ગરમીનો પારો ૩૬ ડિ.સે. ઉપર નોંધાયો છે. જ્યારે ગતરોજ કરતા આજે એક સાથે ૦.૮ ડિ.સે.નો વધારો નોંધાતા આજે લોકો વધુ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. જો કે સાથે બફારાએ પણ જોર પકડતા બપોરે આકરો તાપ અને સાંજે બફારાને લીધે શહેરીજનો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સવાર સાંજ ભેજનું પ્રમાણ વધુ થતા ગરમી અને બફારો વધુ થઈ રહ્યો છે.

## ઉતારી લેવાશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા છે. જ્યારે હાલ નગરના અન્ય વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની યોજનાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. આ વિસ્તારમાં વિવિધ પ્રકારના પ્લાઝા તેમજ વોટરબોડીનું નિર્માણ કરવાનું કામ હાથ ધરાયું છે ત્યારે સ્વર્ણિમ પાર્કના સોહામણા આયોજનને લઈ પાર્કમાં વિવિધ પ્રકારની લાઈટો પણ મુકવામાં આવનાર છે. ત્યારે આ વિસ્તારમાં ઘ-૪ અને ચ-૪ નજીકના હાઈમાસ્ક ટાવર ઉતારી લેવા તંત્ર દ્વારા નિર્ણય લેવાયો છે.

## હોકર્ઝ ઝોન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. હોકર્સ ઝોનની આસપાસ નિયમિત સફાઈ થાય તેની પણ વ્યવસ્થા કરવા ભાર પૂર્વક જણાવ્યું હતું. દિવાળી સુધીમાં નગરપાલિકાની કચેરીઓની આંતરિક સફાઈ થાય તેમજ જરૂર જણાય ત્યાં કલર કામ કરવા અને દરેક પોલીસ સ્ટેશનને કલર કામ કરાવવા પણ સંબંધિત અધિકારીશ્રીને જણાવ્યું હતું. દિવાળી પર સરકારી કચેરીઓનાં બિલ્ડીંગ પર રોશની કરવા પણ સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી.

તેમજ કન્સ્ટ્રકશન સાઈડ પર મજૂરો માટે શૌચાલય, પાણી અને નાહવા-ધોવાની સુવિધા સંબંધિત બિલ્ડરને ઉભી કરવા ખાસ સૂચના સંબંધિત અધિકારીશ્રીને સૂચના આપી હતી. તેમજ ગાંધીનગરના માર્ગો પર ગમે ત્યાં હોર્ડિંગ્સ-બેનર લગાવવામાં આવે છે, તેની જગ્યાએ મહાનગરપાલિકાને શહેરની મુખ્ય જગ્યાઓ હોર્ડિંગ્સ કે બેનર માટે નક્કી કરીને હાર્ડિંગ્સ કે બેનર લગાડવાનું ભાડું સંબંધિત સંસ્થા કે પાર્ટી પાસેથી વસૂલ કરવા જણાવ્યું હતું. તા. ૨જી ઓકટોબર, ૨૦૧૪ના રોજથી સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત અભિયાન આરંભ થનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છ ભારત અભિયાનનો કાર્યક્રમ માત્ર સરકારી કાર્યક્રમ ન બની રહે તે માટે શૈક્ષણિક સંસ્થા, આઇ.ટી.આઇ, કોલેજ, શહેરના વિવિધ એસોસિયેશન પણ જોતરાય તેવું આયોજન કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી.

તા. ૨જી ઓકટોબર, ૨૦૧૪ના રોજ જિલ્લાની તમામ કચેરીઓના અધિકારી-કર્મચારીઓ, પદાધિકારીશ્રીઓ, વરિષ્ઠ અધિકારીશ્રીઓ, અને કોલેજના યુવાનો દ્વારા ગાંધીનગર સિવીલ હોસ્પિટલની સ્વચ્છતા કરીને સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરવામાં આવશે. આ સ્વચ્છતા દરમ્યાન સિવીલ હોસ્પિટલમાં પલંગ, બારી-બારણા જેવી અન્ય સ્વચ્છતા સાથે કલર કામ પણ કરવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાને જણાવ્યું હતું કે, સ્વચ્છ ભારત અભિયાનના કાર્યક્રમને મિશન તરીકે કામ ઉપાડવાનું છે. સ્વચ્છ શહેર બનાવવાની જવાબદારી શહેરના નાગરિક તરીકે ઉપાડવી પડશે. અધિકારી - કર્મચારીઓએ આ અભિયાનમાં લીડર તરીકે ભૂમિકા અદા કરવી પડશે, શહેર - જિલ્લાના તમામ નાગરિકો જોડાય અને જનમાનસ બદલાય તેવા -યત્નો કરવા પડશે. જરૂર પડે ત્યાં સત્તાનો ઉપયોગ કરવા પણ સર્વે અધિકારીશ્રીઓને ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી.મોડિયા, કલોલ -ંત અધિકારી શ્રી વી.જી.કાલરિયા, ગાંધીનગર -ંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી -દિપસિંહ રાઠોડ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશભાઈ પટેલ સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.

## પૂજા કરાશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આદ્યશક્તિ દુર્ગાના આ વિશેષ પર્વમાં માતાજીના અનુષ્ઠાન અને હોમ હવનથી વાતાવરણ શુદ્ધ બને છે.

મા આદ્યશક્તિના છઠ્ઠા સ્વરૂપ 'કાત્યાયની' માતાએ મહર્ષિ કાત્યાયનના ત્યાં પુત્રીરૂપે નવમી સુધી ત્રણ દિવસ કાત્યાયન લઈ શુકલ સપ્તમી, અષ્ટમી અને નવમી સુધી ત્રણ દિવસ કાત્યાયન ઋષિની પૂજા-અર્ચના કરી દશમીએ મહિષાસૂરનો વધ કર્યો હતો. 'આજ્ઞાચક્ર'માં સ્થિર રહે છે. માઁ કાત્યાયની સિંહ ઉપર સવાર હોય છે. ચાર ભૂજવાળાથી સુસજ્જીત આભા મંડળની દેવી તરીકે પૂજાય છે. માતાજીના ડાબા હાથમાં કમળ ને તલવાર અને જમણા હાથમાં સ્વસ્તિક અને આશીર્વાદની મુદ્રા હોય છે. માઁ કાત્યાયનીની ભક્તિ અને ઉપાસના દ્વારા મનુષ્યને સરળતાથી અર્થ, ધર્મ, કામ, મોક્ષ ચારે ફળોની પ્રાપ્તી થાય છે. તેમજ આ લોકમાં હોવા છતાં અલૌકિક તેજ અને પ્રભાવથીયુક્ત બની જાય છે.

કુંવારી કન્યાઓના વિવાહ પણ માઁ ની પૂજાથી જલ્દી થાય છે. ભગવાન કૃષ્ણને પતિરૂપમાં પામવા વ્રજની ગોપીઓએ કાલિન્દી-યમુના તટ ઉપર માઁ ની આરાધના કરી હતી તેથી માઁ કાત્યાયની વ્રજ મંડળની અધિષ્ઠાત્રી દેવીના રૂપમાં પણ પૂજાય છે. માતાજીનું રૂપ અત્યંત ચમકીલુ અને ભવ્ય છે. માઁ કાત્યાયનીનો જન્મ આસૂરી શક્તિઓનો નાશ કરવા જ થયો હતો. માતાજી તમામ નવસ્વરૂપોનું નવરાત્રી દરમ્યાન અર્ચનનું વિશેષ મહત્વ છે. માતાજીના ધ્યાન મંત્ર, સ્રોત મંત્ર અને કવચ મંત્રથી સમગ્ર વ્યાધિ અને દુઃખ દૂર થઈ સુખ શાંતિની પ્રાપ્તી થાય છે.